સેવા.... સહકાર.... સંગઠન....

ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા પ્રકાશિત

# ચરોતર વાલમ સંદેશ

ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ
સ્થાપના ૧૯૭૮

યુવા જાગૃતિ વર્ષ-૨૦૧૭

વર્ષ ૧૫ મે - ૨૦૧૭



## અષ્ટોત્તર જન્મ જયંતિ ઉજવણી વર્ષ









સેવા અને સ્મરણ જગમાં કરવાના છે બે કામ
સેવા તો જન સેવા કરવી, લેવુ રામનું નામ.

આજની ટચુકડી વર્તા : માફી માંગનાર કદાચ..'મજબુર' હોઈ શકે, પણ..માફી આપનાર સો ટકા..મજબુત જ હોય

# ‘‘વાલમ-ડે ૨૦૧૬’’ - કેમેરાની આંખે



ધડાકો-૧
વાલમ-ડે સ્પેશ્યલ ઈનામ/સન્માન



ધડાકો-૨ (પુનિત સ્મારક નિધી અભિવાદન)



ધડાકો-3 (Do Selfy but Don't be Selfish)



અમારે પણ કંઈક કહેવું છે !

ચિંતા અને ઉદ્વેગ પક્ષીઓ જેવા છે. આપણે એમને આપણી નજીક ઉડતા ના રોકી શકીયે પણ માળો બનાવતા તો ચોક્કસ રોકી શકીયે



## સંપાદકશ્રીની કલમે....



અસ્તાચળે આથમતા જતા સૂર્ય થકી ફેલાતા અંધકારને જોઈ ઝૂંપડી દુઃખી સ્વરે બોલી ‘‘હવે અજવાળા વિના શું થશે ?’’ ત્યાં તો ખૂણામાં રહેલું નાનકડું કોડિયું (દિવો) બોલ્યું ‘‘હું છું ને !’’ બસ, પછી વધુ જણાવવાની જરૂર ખરી ?

અને .... આવું જ કંઈક હમણાં આપણા સમાજની યુવક પ્રવૃત્તિ વિશે આનંદ મિશ્રીત સુખદ અનુભવ થયો. ઈન્ટરનેટ અને મોબાઈલમાં ખોવાયેલા યુવાવર્ગને કારણે સુસુપ્ત અવસ્થામાં પડેલ યુવા પ્રવૃત્તિ / સામાજીક પ્રવૃત્તિને કારણે વાલમ સંદેશ પણ અનિયમિત થઈ જતાં હવે યુવક મંડળનું ભાવિ શું ? યુવક મંડળ હવે અન્ય સંસ્થામાં વિલિન કરવું પડે તેવી અણગમતી પરિસ્થિતિમાં પરદેશમાં વસતા યુવાનો દ્વારા મળેલ નૈતિક જુસ્સો અને ટકોર વાલમ સંદેશ માટે ટર્નિંગ પોઈન્ટ બને છે. એવું અનુભવાય છે માત્ર વાલમ સંદેશ વાંચનાર વર્ગ નથી, તેને ચાહનારો વર્ગ પણ છે જ. જેના થકી વતન પ્રત્યેની મમતા અને સામાજીક પ્રવૃત્તિ સાથે દિલથી લગાવ ધરાવતો નાનકડો એક વર્ગ સતત જ્ઞાતિ પ્રવૃત્તિ માટે ઉત્સુક હોય છે. (તેઓના આગ્રહથી નામ નથી લખતો પણ જે યુવાનોએ પ્રવૃત્તિમાં પ્રાણવાયુ પુરો પાડ્યો છે તેઓને દિલથી સો સો સલામ.)

કેનેડાસ્થિત વાલમ યુવાન જે વાલમ સમાજના whattsapp ગૃપમાં જોડાયેલ નથી. (બિન જરૂરી / અણગમતી પોસ્ટ વિગેરેને કારણે જે અંગે વિગતે આવતા અંકમાં) પણ વાલમ સમાજ માટે ઉપયોગી / માહિતીસભર જાહેરાત / જરૂરી ચેતવણી આપણા સમાજ માટે ગૃપમાં જાણ કરવા મને વ્યક્તિગત રીતે જાણ કરી વાલમ સમાજ પ્રત્યે પોતાની લાગણી અવારનવાર પ્રદર્શિત કરે છે. આ અંકમાં પ્રસિદ્ધ થયેલ સુવાક્યો પણ તેમના થકીજ આવેલ છે.

**સેવા મંડળના યુવા પ્રમુખ શ્રી સંજયભાઈ ભટ્ટ તથા મહામંડળના પ્રમુખ આદરણીય વડીલ શ્રી જશવંતભાઈ વ્યાસ પણ યુવાવર્ગ પ્રત્યે વિશેષ લગાવ ધરાવે છે ત્યારે હવે પ્રવૃત્તિને ટેકનોલોજીના સંદર્ભમાં અલગ બદલાવ લાવવો છે. સામાજીક પ્રવૃત્તિ માટે હવે રૂબરૂ ભેગા થવાની કે દોડાદોડી કે સંમેલન આયોજનની જરૂર નથી. સૌને અનુકુળ થાય તે રીતે મોબાઈલ / ઈન્ટરનેટ દ્વારા પ્રવૃત્તિ કરીશું - આપણે સૌ સાથે મળીને ! કેવી રીતે ? ક્યારે ? કોના દ્વારા ? કેટલા સમયમાં ? શું કરીશું ? શું ફાયદો થશે ? વિગેરે સવાલના જવાબ મળશે આપને ઘેર બેઠા આપણા મોબાઈલમાં.** માત્ર જરૂર છે સામાજીક સંગઠનમાં જોડાવવાના આપના હકારાત્મક સંદેશાની. વાલમ પ્રવૃત્તિ કરીશું હવે ટેકનોલોજીના સથવારે - તમારી સાથે અને તમને મનગમતા કાર્યક્રમ દ્વારા તમારા સમયે - તમારી ફુરસદે. જરૂરથી સંપર્ક કરશો. Whatsapp / SMS દ્વારા મોબાઈલ નંબર ૯૪૨૮૪૮૬૭૫૨.

## <u>વાલમ સંદેશ-વાલમ વર્તમાન-વાલમ સમાચાર તમારા મોબાઈલમાં</u>

સ્માર્ટ ફોન ધરાવનાર જ્ઞાતિજનો પરસ્પર સંપર્કમાં રહી શકે તે માટે valamsamajgroup શરૂ કરવામાં આવેલ છે. હવે નવી ટેકનોલોજીના ઉપયોગથી આપણા સમાજના સમાચાર જો તમે ઈચ્છો તો તમારા મોબાઈલ ઉપર whatsapp થી મોકલી આપવામાં આવશે. આપ બીન જરૂરી મેસેજ / વિડીયો / ફોટો / જાહેરાત ના ઈચ્છતા હો તો અને માત્ર વાલમ સમાજ સંબંધિત માહિતી મેળવવા ઈચ્છતા હોવ તો / મોકલવા ઈચ્છતા હોય તો આપનું નામ, મોબાઈલ (whatsapp) નંબર, આપની ઉંમર, આપની રૂચિ જેમ કે રમૂજ, ફિલોસોફી, સુવાક્ય, માત્ર જ્ઞાતિ સમાચાર વિગેરે જણાવશો તો આપના નંબરને જે તે વિભાગમાં વર્ગીકૃત કરી આપને જાણ કરવામાં આવશે. ભલે આપણે રૂબરૂ ન મળી શકીએ પણ નિયમિત મોબાઈલ દ્વારા વાલમ સમાજની ગતિવિધી સાથે સંપર્કમાં તો રહીશુંજ.

- સંદિપ જોષી.

કોણ આગળ છે અને કોણ પાછળ એ જોવામાં.. કોણ આપણી સાથે છે અને આપણે કોની સાથે છીએ.. એ રહી ના જાય.

# જ્ઞાતિ સમાચાર



**ચૌલક્રિયા:**

**વડોદરા (મૂળ વતન દેવા) :** શ્રીમતિ નીરાલી તથા શ્રી ભેજસ મનીષકુમાર જોષીના સુપુત્ર ચિ. રાઘવની ચૌલક્રિયા તા. ૧૯-૧-૨૦૧૭ ના રોજ દેવા મુકામે મસાણી માતાજી (હરિસિધ્ધિ માતાજી) ના સાંનિધ્યમાં સંપન્ન કરવામાં આવી.

**મૂળ વતન વાંઠવાળી (હાલ નડિયાદ) :** શ્રીમતિ પ્રિયંકા તથા શ્રી જૈમિન દિપકકુમાર વ્યાસના સુપુત્ર ચિ. ધ્યેયની ચૌલક્રિયા તા. ૧૫-૧૨-૨૦૧૬ના રોજ સંપન્ન કરવામાં આવી.



**પુત્ર જન્મ વધામણા :**

**વસો :** અ.સૌ. પૂજા તથા શ્રી સચિનકુમાર ગીરીશભાઈ ભટ્ટના ઘરે તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ પુત્ર રત્નનો જન્મ થયેલ છે.



**યજ્ઞોપવિત સંસ્કાર:**

**કરમસદ :** અ.સૌ. જ્યોતિબેન તથા શ્રી હેમંતકુમાર ચંદ્રકાન્ત પુરોહિતના સુપુત્ર ચિ. અભિને તા. ૫-૨-૨૦૧૭ ના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપેલ છે.

**વસો :** અ.સૌ. જીનલબેન તથા શ્રી દિગંતકુમાર ઉષાકાન્ત વ્યાસના સુપુત્ર ચિ. જૈનમ્ (ગુરૂ) ને તા. ૨-૨-૨૦૧૭ ના રોજ ઉપનયન સંસ્કાર આપેલ છે.

**લીંબાસી :** અ.સૌ. સેજલબેન તથા શ્રી વિશાલ ભદ્રેશભાઈ મહેતાના સુપુત્ર ચિ. જયનીલને તા. ૧૨-૨-૨૦૧૭ ના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપેલ છે.

**વડોદરા :** અ.સૌ. વૈશાલી તથા શ્રી દિપલ રજનીકાન્ત વૈદ્ય ના સુપુત્ર ચિ. વેદાંગને તા. ૨૮-૨-૨૦૧૭ ના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપેલ છે.

**દેવા :** અ.સૌ. રેખાબેન તથા શ્રી નરેશભાઈ રતિલાલ પુરોહિત ના સુપુત્ર ચિ. પુનિત ને તા. ૧૯-૨-૨૦૧૭ ના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપેલ છે.

**સગપણ સમાચાર:**

**વસો :** શ્રીમતિ રેખાબેન તથા શ્રી સતીષભાઈ ગૌરીશંકર વ્યાસના સુપુત્ર ચિ. નિસર્ગનું સગપણ વાંકાનેર (સાવલી) નિવાસી શ્રી કિરણભાઈ દવેની સુપુત્રી ચિ. ભૂમિ સાથે તા. ૯-૨-૨૦૧૭ ના રોજ થયેલ છે.



**લગ્ન સમાચાર:**

**કરમસદ :** અ.સૌ. જ્યોતિબેન તથા શ્રી હેમંતકુમાર ચંદ્રકાન્ત પુરોહિતની સુપુત્રી ચિ. પરિતા (M.Sc. Industrial Microbiologist-Canada) ના શુભ લગ્ન જુનાગઢ નિવાસી અ.સૌ. સરોજબેન તથા શ્રી જયપ્રકાશ વ્યાસના સુપુત્ર ચિ. નિરવકુમાર (Pharmasist-Canada) સાથે તા. ૬-૨-૨૦૧૭ ના રોજ સંપન્ન થયેલ છે.

**નડિયાદ :** શ્રીમતિ પ્રફુલાબેન તથા શ્રી સુભાષચંદ્ર રામપ્રસાદ વ્યાસના સુપુત્ર ચિ. અક્ષય ના લગ્ન નડિયાદ નિવાસી સ્વ. વાસુદેવભાઈ દેસાઈની સુપુત્રી ચિ. ચાંદની સાથે તા. ૨૨-૧-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**વસો :** સ્વ. હિતેષભાઈ સોમેશ્વર પુરોહિત તથા શ્રી ગીતાબેન પુરોહિત ના સુપુત્ર ચિ. મૌલિક ના શુભ લગ્ન સોજીત્રા નિવાસી શ્રીમતી મોનાબેન તથા શ્રી શૈલેષભાઈ હરિહરભાઈ ભટ્ટની સુપુત્રી ચિ. મોનિકા સાથે તા. ૨૦-૧-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**સોજીત્રા :** શ્રીમતી પન્નાબેન તથા શ્રી દિવ્યેશભાઈ મનુભાઈ પંડ્યાના સુપુત્ર ચિ. નિલય (રવિ) ના શુભ લગ્ન વાંકાનેર (તા.સાવલી) નિવાસી શ્રી નવિનચંદ્ર દવેની સુપુત્રી ચિ. મિરલ સાથે તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ થયેલ છે.

ફક્ત અનુભૂતિ જુદી જુદી છે,,, બાકી પ્રેમ અને નફરત તો... એક જ હૃદયમાંથી નીકળે છે... !!

**નડિયાદ (મૂળ વતન સોજીત્રા) :** શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી નિલેશભાઈ શુક્લની સુપુત્રી ચિ. નિધિ ના શુભ લગ્ન વડોદરા (મૂળ વતન સંજાયા) નિવાસી શ્રીમતિ માયાબેન તથા શ્રી કૃષ્ણકાંત કે. પુરોહિત ના સુપુત્ર ચિ. પ્રતિક સાથે તા. ૧૭-૦૧-૨૦૧૭ ના રોજ થયેલ છે.

**વસો (નડિયાદ) :** શ્રીમતિ મનહરબાળાબેન તથા શ્રી ગીરીશભાઈ ભટ્ટના સુપુત્ર ચિ. જસ્મીનના શુભ લગ્ન શ્રીમતી ભારતીબેન તથા શ્રી દિનેશભાઈ ઠાકરની સુપુત્રી ચિ.શીતલ સાથે તા.૨૬-૧૧-૧૬ના રોજ થયેલ છે.



**અવસાન નોંધ :**

**ગાજણા :** શ્રી કંચનબેન છોટાલાલ પુરોહિતનું તા. ૬-૨-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે.

**વડોદ :** શ્રી કૃષ્ણકાંત છોટાલાલ પુરોહિતનું તા. ૧૩-૧-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે.

**અમદાવાદ :** શ્રીમતી વાસંતીબેન લક્ષ્મીકાન્ત શુક્લનું તા.૧૫-૧૧-૨૦૧૬ના રોજ અવસાન થયેલ છે.

**વિદ્યાનગર :** શ્રી કુમુદબેન ભાનુપ્રસાદ વ્યાસનું તા. ૨૫-૧૦-૨૦૧૬ના રોજ અવસાન થયેલ છે.

**યુ.કે. (વસો) :** શ્રી વિશ્વરૂપ પ્રાણશંકર પંડ્યાનું તા. ૧૫-૧૧-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેઓ લંડનમાં કાઉન્સીલર તરીકે ચૂંટણી જીતનાર પ્રથમ વાલમ બ્રાહ્મણ હતા.

**કેનેડા :** શ્રી ચેતનભાઈ મગનલાલ વ્યાસનું કેનેડા ખાતે અવસાન થયેલ છે.

**યુ.કે. :** શ્રીમતી વિરબાળાબેન બાબુલાલ પંડ્યા (મૂળવતન સોજીત્રા) હાલ યુ.કે.નું તા.૧૯-૧૨-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.

**વસો :** શ્રીમતી જયાબેન સુમંતભાઈ વ્યાસનું તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે.

**કંસારી (મૂળ વતન લીંગડા) :** શ્રી હિતેશભાઈ જગદીશભાઈ ગોરનું તા. ૧૧-૦૫-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે.

**અમેરિકા (કરમસદ) :** શ્રીમતિ ધનલક્ષ્મીબેન નરનારાયણ પુરોહિત તા.૨૩-૫-૨૦૧૭ ના રોજ અવસાન થયેલ છે.

**વડોદરા :** શ્રીમતિ જ્યોતિબેન જતિનભાઈ પુરોહિતનું તા.૨૭-૧-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે

**વડોદરા :** શ્રીમતિ જ્યોતિબેન નટવરલાલ વ્યાસનું તા.૨-૫-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે

---

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ (નડિયાદ) :** સ્વર્ગસ્થ પિતૃ/સ્વજનશ્રીના મોક્ષાર્થે શ્રીમતિ જયાબેન રમેશચંદ્ર વ્યાસ પરિવાર તરફથી તા. ૧૭-૫-૨૦૧૭ થી ૨૩-૫-૨૦૧૭ સુધી બપોરે ૩ થી ૬ દરમ્યાન તેમના નિવાસસ્થાને યોગીનગર નડિયાદ મુકામે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિવિધ ઉત્સવો તથા પુનિત મહારાજના પૌત્ર શ્રી આનંદ મહારાજશ્રીના ભજનનો પણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સગા-સંબંધી ઉપરાંત ઘણા જ્ઞાતિજનોએ આ કથા શ્રવણનો લાભ લીધો હતો.

---

**અભિનંદન ના અધિકારી :**

**ગાંધીનગર:** વસોના દીકરી શ્રીમતિ અલકાબેન જોષી (સ્વ. શ્રી સુમનભાઈ વ્યાસના દિકરી) ના સુપુત્ર ચિ. હાર્દિક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. સાથે સાથે અલકાબેનની દીકરી કુ. જીજ્ઞા જોષી ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ ખેલ-મહાકુંભમાં રાજ્ય કક્ષાની ચેસ ટુર્નામેન્ટમાં ગર્લ્સ વિભાગમાં પ્રથમ ક્રમ મેળવેલ છે. તદ્ઉપરાંત પણ જાન્યુ.માં અમદાવાદ સ્પોર્ટસ ક્લબ ખાતે યોજાયેલ વુમન ટીમ ચેસ ચેમ્પીયન સિલેક્શન ફોર નેશનલ ટુર્નામેન્ટમાં પણ દ્વીતીય ક્રમાંક મેળવી ભોપાલ ખાતે રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ છે. બંને ભાઈ-બહેનની સફળ કારકીર્દીની પ્રોત્સાહિત કરનાર શ્રીમતિ અલકાબેન તથા શ્રી જીતેન્દ્રભાઈ જોષીને ખૂબ ખૂબ અભિનંદન સહ ચિ. હાર્દિક અને ચિ. જીજ્ઞાને પ્રગતિ માટે શુભેચ્છા.

સંયમ એટલે શું ? એક યુદ્ધ પોતાની વિરુદ્ધ... !

## દિવાળી સ્નેહ સંમેલન - કેનેડા

કેનેડામાં બ્રેમ્પટન ખાતે તા. ૫-૧૧-૧૬ના રોજ સાંજે વાલમ બ્રાહ્મણ સમાજનું સ્નેહ સંમેલન યોજવામાં આવેલ. સ્થાનિક રહેવાસીઓ દ્વારા ગીત-સંગીત અને મીમીક્રીના કાર્યક્રમોએ વાતાવરણને આનંદિત બનાવ્યું હતું. શ્રી નિલેશભાઈ પુરોહિત, શ્રી રોહિતભાઈ ભટ્ટ અને શ્રી પરેશભાઈ વ્યાસે સંમેલનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. મહામંડળના પૂર્વ મંત્રી શ્રી જયપ્રકાશ શુક્લએ વાલમ જ્ઞાતિનો ઈતિહાસ તથા કુળદેવી વાઘેશ્વરી માતાજી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપસ્થિત કુટુંબો પૈકી લકી ડ્રોના વિજેતા અ.સૌ. શૈલાબેન તથા શ્રી ઉમેશભાઈ વ્યાસને શ્રી વાઘેશ્વરી માતાજીનો ફોટો ભેટમાં આપવામાં આવેલ. રાત્રી ડિનર બાદ સ્નેહસંમેલન સંપન્ન થયું હતું.

## યુ.કે. વાલમ બ્રાહ્મણ એસોસીએશન

તાજેતરમાં સંસ્થા તરફથી તા. ૧૫-૧૦-૧૬ના રોજ ગાયત્રી હવન તથા દિવાળી સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવેલ. ગાયત્રી હવનમાં મુખ્ય યજમાન તરીકે એસોસીએશનના પ્રમુખશ્રી હસિતભાઈ પુરોહિત તથા અ.સૌ. દિપ્તીબેને સજોડે પૂજાવિધી કરી હતી. શ્રી કનકભાઈ વ્યાસે ગાયત્રી હવનની વિધી કરાવી હતી.

ગાયત્રી હવન બાદ દિવાળી અને સ્નેહ સંમેલનમાં પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવા આપનાર ભૂતપૂર્વ પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરુષોત્તમ વ્યાસનું શાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમમાં ૧૪૦ જ્ઞાતિજનોની હાજરી નોંધનીય હતી. સ્પોન્સરર તરીકે અ.સૌ. કલ્પનાબેન તથા શ્રી યોગેશકુમાર મધુસુદન આચાર્યએ ભોજન ખર્ચ ઉઠાવ્યો હતો.

મિટીંગમાં નીચેના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રમુખ : શ્રી હસિતકુમાર પુરોહિત, ઉપપ્રમુખ : શ્રી પ્રદિપભાઈ આચાર્ય, મંત્રી : શ્રી દર્શનાબેન પંડ્યા, ખજાનચી : શ્રી વિભૂતિબેન ગોર

તદ્ઉપરાંત તા. ૬-૮-૧૬ના રોજ એસોસીએશનના ઉપક્રમે બોર્નમાઉથનો પિકનીક પ્રવાસ રાખવામાં આવેલ. બ્રહ્મસમાજના સહયોગથી નવરાત્રી ગરબાનો કાર્યક્રમ પણ એસોસીએશને યોજ્યો હતો. જેનું ઝી ટીવી પર લાઈવ પ્રસારણ કરાયેલ.

## અભિનંદન ના અધિકારી

**U.S.A. :** શ્રીમતિ પૃથા અને શ્રી ભાર્ગવ લક્ષ્મીકાન્ત શુક્લના પુત્ર ચિ. યુગ જે હાલ ધોરણ ૫ માં અભ્યાસ કરે છે. નાની ઉંમરમાં તેણે Competition of both us History and world Histopry માં ભાગ લઈ સ્કૂલ લેવલથી શરૂ કરી રીજીયોનલ લેવલમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અને જુન માસમાં રાષ્ટ્રીય કક્ષાએ (National Level) ભાગ લેવા માટે મેળવેલ સિદ્ધિ બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા. સાથે સાથે તેમના માતા-પિતાને પણ ચિ. યુગને પ્રોત્સાહિત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**વડોદરા :** રોટરી ક્લબ વડોદરા તરફથી તાજેતરમાં ફોટો રેક્ટ નામની કોમ્પીટીશનનું આયોજન કરેલું તેમાં આપણી જ્ઞાતિના યુવા ફોટોગ્રાફર શ્રી જીગર અનિલકુમાર વૈદ્યે ભાગ લઈ ઈકોગ્રેતો થીમ હેઠળ ત્રીજું ઈનામ પ્રાપ્ત કરેલ છે. જેનું પ્રદર્શન એમ.એસ. યુનિવર્સિટીના ફાઈન આર્ટસ કોલેજમાં યોજાયુ હતું. નવોદીત પ્રતિભાશાળી શ્રી જીગરભાઈને ફોટોગ્રાફી ક્ષેત્રે ઉત્તરોઉત્તર પ્રગતિ માટે અભિનંદન સહ શુભેચ્છા.

**વસો :** તાજેતરમાં વસો ગામ પંચાયતની રસાકસીભરી ચૂંટણીમાં આપણી જ્ઞાતિના યુવાન શ્રી દિગંતભાઈ વ્યાસ વસો ગામના ઉપસરપંચ પદે ચૂંટાઈ જવલંત સિદ્ધિ મેળવેલ છે. વા.બ્રા.પંચ વસોના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળતા ભાઈ શ્રી દિગંતભાઈને ખૂબ ખૂબ અભિનંદન સહુ ઉજ્જવળ કારકીર્દી માટે શુભેચ્છા.

દરેકને પોતાના જ્ઞાનનું ઘમંડ છે. કોને પોતાના ઘમંડનું જ્ઞાન છે ?

## I am proud to be a Valam Brahmin : Punit Smarak Nidhi

You must be happy to know the money collected by way of contribution or donation by Shri Valam Brahman Mahamandal is always generously used for the purpose assiged. Your help in the matter has brought successful results in various community activities. One trust in the memory of great Valam-the founder of Mahamandal Shri Punit Maharaj has been initiated during his Birth centenary. Being a great dedicated devotee of Lord Ranchhod Ray as a promoter of virtues & morals in society he had earned big name. This brought our community in lime light. The world recognizes us by his identity. His role in bringing our scattered community together has earned him the title "The Father of Our Unity". Wouldn't be nice to use all our funds for our social uplift activities channelized through 'Sant Punit Smarak Nidhi ? On his 108 Birth Day celebration year, our President Shri Jashwantbhai Vyas has targeted Rs. 25/- Lakhs for collection. We have lot may services to do & by grace of Vagheshvari Mataji you are potential & carrying brothers & sisters. Kindly write a cheque on the name of 'Valam Brahman Mahamandal: Punit Smarak Nidhi' as your donation. You can also commemorate events for your loved ones. Don't forget at the family functions such as Birth day, Wedding day & shower's days besides big occasions. Your participation in contribution and inspiring others in the matter will be very much valued and highly appreciated.

**- ડૉ. શ્રી અરવિંદભાઈ બી. વ્યાસ (અમેરિકા)**

---



## સ્વ. કનુભાઈ શનાભાઈ ભટ્ટ, વસોના સ્મરણાર્થે પાંચ લાખ રૂપિયાનું અનુદાન

સ્વ. કનુભાઈ શનાભાઈ ભટ્ટ, વસોના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી મધુબેન તથા સુપુત્રો શ્રી વિમલભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી કિરણભાઈ અને શ્રી રોહિતભાઈ તરફથી

**ચરોતર વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળને રૂા. ૨,૦૦,૦૦૦/-**
**ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળને રૂા. ૨,૦૦,૦૦૦/-**
**અને પુનિત સ્મારક નિધી (મહામંડળ, અમદાવાદ)ને રૂા. ૧,૦૦,૦૦૦/-**

નું માતબર અનુદાન પ્રાપ્ત થયેલ છે. શ્રી કનુભાઈએ ચરોતર વિદ્યોત્તેજક મંડળના પ્રમુખ તરીકે નોંધનીય કામગીરી બજાવી હતી. તદ્ઉપરાંત સેવામંડળની પ્રગતિમાં પણ તેમનો મોટો ફાળો હતો. આફ્રિકામાં શિક્ષક તરીકેની સફળ કારકિર્દી બાદ નિવૃત્તિ કાળમાં વસોમાં રહી સેવાકીય કાર્યમાં જીવન વિતાવ્યું હતું. સ્વ. કનુભાઈ ભટ્ટનો સેવાનો વારસો તેમના ચારેય પુત્રોમાં દ્રષ્યમાન થાય છે. સ્વ. કનુભાઈ ભટ્ટના સખાવતી કુટુંબનો પુનિત અષ્ટોત્તર જયંતિ પ્રસંગે અનુદાન આપવા બદલ વા.બ્રા. જ્ઞાતિ સેવા મંડળ, વિદ્યોત્તેજક મંડળ તથા મહામંડળ ખૂબ ખૂબ આભાર માને છે.

મહામંડળના પ્રમુખશ્રી જશવંતભાઈ વ્યાસ તેમજ શ્રી જયપ્રકાશ શુકલએ અનુદાન મેળવવા સક્રિય ભૂમિકા ભજવી હતી અને પ્રમુખ શ્રી જશવંતભાઈ વ્યાસના પુનિત સ્મારક નિધીમાં રૂપિયૌ પચીસ લાખ ભેગા કરવાના પનિત વિચારને મૂર્તિમંત કરવા ઉદાર હાથે ફાળો આપવા દરેક જ્ઞાતિજનને વિનંતી છે.

# સંભારણા સ્નેહ મિલન સમારંભના

ચરોતર વા.બ્રા.યુવક મંડળ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ લાભપાંચમ પછીનો પ્રથમ રવિવાર એટલે 'વાલમ-ડે' અર્થાત્ સ્નેહ મિલન સમારંભ તરીકે ઉજવાય છે. **ચાલુ વર્ષે વા.બ્રા.પંચ કરમસદ તથા સ્થાનિક સર્વે જ્ઞાતિજનોના આમંત્રણથી,** વા.બ્રા.પંચના કાર્યકરોએ યુદ્ધના ધોરણે કરેલ જહેમત અને નવા રૂપરંગથી સજ્જ થયેલ વાલમ વાડી કરમસદમાં તા. ૬-૧૧-૨૦૧૬ ને રવિવાર ના રોજ વાલમ-ડેનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં મહામંડળના પ્રમુખશ્રી જશવંતભાઈ વ્યાસ, ચરોતર વિભાગના ત્રણ અગ્રણી મંડળો પૈકી સેવામંડળના પ્રમુખશ્રી સંજયભાઈ ભટ્ટ, વિદ્યોત્તેજક મંડળના પ્રમુખશ્રી દીલીપભાઈ જોષી, ચરોતર વા. બ્રા. યુવક મંડળના પ્રમુખશ્રી રાકેશભાઈ પુરોહિત સાથે સાથે કરમસદ પંચના પ્રમુખશ્રી હેમંતભાઈ શુક્લ તેમજ કરમસદ યુવક મંડળના પ્રમુખ શ્રીમતી એક્તાબેન પુરોહિતને આમંત્રીત કરવામાં આવ્યા. જ્યારે અતિથી વિશેષ તરીકે શ્રી રેણુકાબેન પુરોહિત તથા શ્રી હરિકૃષ્ણભાઈ મહેતાએ સ્થાન શોભાવ્યું હતું.

મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ કરમસદ વાલમ પંચના પ્રમુખશ્રી હેમંતભાઈ શુક્લ દ્વારા આવકાર પ્રવચનની સાથે સાથે તેઓની ટીમે વાલમ વાડી માટે કરેલ મહેનતને બિરદાવી, દાતાઓ પ્રત્યે આભારની લાગણી દર્શાવી હતી.

સદર કાર્યક્રમમાં દર વર્ષની પ્રણાલિકા મુજબ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, શિષ્યવૃત્તિ વિતરણ તથા જ્ઞાતિજનોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં યુવાવર્ગને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધન-ધડાકો જેમાં મનોરંજનની સાથે **વાલમ સમાજની મહત્ત્વની પ્રવૃત્તિ (પુનિત સ્મારક નિધી)** ની જાહેરાત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમમાં કરમસદ પંચે કરેલ કામગીરી તથા કરમસદ યુવક મંડળની સહકારની નોંધ લેતા સૌ જ્ઞાતિજનોએ આનંદની લાગણી અનુભવી હતી કે **હવે ચરોતરમાં વસો બાદ બીજી આપણા ઘર જેવી વાલમવાડી કરમસદમાં થઈ રહી છે. એટલું જ નહીં કરમસદ પંચ તરફથી વાલમ-ડે ૨૦૧૭ માટે પણ અગાઉથી આમંત્રણની જાહેરાત કરવામાં આવી.** વાલમ-ડેની વ્યવસ્થા અને જમણવાર (કાઠીયાવાડી ભોજન) ની સુંદર સગવડ માટે ચરોતર વા. બ્રા. યુવક મંડળ તરફથી વા. બ્રા. પંચ, કરમસદ તથા કરમસદ-આણંદ-વિદ્યાનગરના જ્ઞાતિજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.


"ચરોતરનું યુવા ધન"

# સ્નેહમિલન સમારંભમાં મળેલ અનુદાનની યાદી

| પા.નં. | રકમ | નામ | ગામ |
|---|---|---|---|
| ૪૦૧ | ૧૦૦-૦૦ | શ્રી વિમલભાઈ જગદીશભાઈ ગોર | નડિયાદ |
| ૪૦૨ | ૫૦૧-૦૦ | શ્રી મંદાબેન શુક્લ (હસ્તે ભૌતિક શુક્લ) | વસો |
| ૪૦૩ | ૧૦૦-૦૦ | શ્રી ગીરીશભાઈ સોમેશ્વર પુરોહિત | વસો |
| ૪૦૪ | ૧૫૧-૦૦ | શ્રી ચંદ્રકાન્ત કરૂણાશંકર ભટ્ટ | નડિયાદ |
| ૪૦૫ | ૧૦૧-૦૦ | શ્રી કિરણભાઈ બાલકૃષ્ણ પુરોહિત | ઉત્તરસંડા |
| ૪૦૬ | ૧૦૧-૦૦ | શ્રી રાજેન્દ્રકુમાર છોટાલાલ પુરોહિત | ગાજણા |
| ૪૦૭ | ૧૦૧-૦૦ | શ્રી રજનીભાઈ હરીભાઈ પુરોહિત | આણંદ |
| ૪૦૮ | ૧૦૦૧-૦૦ | સ્વ. હંસાબેન વિજયભાઈ ગોર<br>હસ્તે : ચિરાગભાઈ ગોર | ઉત્તરસંડા<br>(અમદાવાદ) |
| ૪૦૯ | ૧૦૧-૦૦ | શ્રી વીણાબેન અનિલકુમાર મહેતા | નડિયાદ |
| ૪૧૦ | ૧૦૦-૦૦ | શ્રી ગીતાબેન હિતેશભાઈ પુરોહિત | વસો |
| ૪૧૧ | ૨૫૦-૦૦ | શ્રી વિપુલકુમાર રઘુનાથભાઈ વ્યાસ | સોજીત્રા |
| ૪૧૨ | ૧૦૧-૦૦ | શ્રી અનિલભાઈ બાલકૃષ્ણ વૈદ્ય | મોગર |
| ૪૧૩ | ૧૦૧-૦૦ | શ્રી પિનાકીન વિનાયકરાવ શુક્લ | અમદાવાદ |
| ૪૧૪ | ૩૦૦-૦૦ | શ્રી જયાબેન સુમનભાઈ વ્યાસ | વસો |
| ૪૧૫ | ૧૦૦-૦૦ | શ્રી ઉષાકાંત બળદેવભાઈ પંડ્યા | સાવલી |
| ૪૧૬ | ૬૦-૦૦ | શ્રી મહેશભાઈ ગુણવંતરાય પુરોહિત | મોગર |
| ૪૧૭ | ૧૦૦૧-૦૦ | સ્વ. મધુબેન ભાઈલાલભાઈ પંડ્યાના સ્મરણાર્થે<br>હસ્તે : શ્રી ગીરીશભાઈ પંડ્યા | સોજીત્રા |
| ૪૧૮ | ૨૦૧-૦૦ | શ્રી ગીરીશભાઈ કરૂણાશંકર ભટ્ટ | નડિયાદ |
| ૪૧૯ | ૧૦૦-૦૦ | શ્રી હરેશભાઈ શંકરલાલ પુરાણી<br>માતા-પિતાના સ્મરણાર્થે | નડિયાદ |
| ૪૨૦ | ૧૦૦-૦૦ | શ્રી રેખાબેન પી. વૈદ્ય | વડોદરા |
| ૪૨૧ | ૨૦૧-૦૦ | શ્રી જીતેન્દ્રભાઈ ચંદુલાલ પુરોહિત | સંજાયા |
| ૪૨૨ | ૧૦૧-૦૦ | શ્રી દીલીપભાઈ કિરપાશંકર જોષી | નડિયાદ |
| ૪૨૩ | ૧૦૧-૦૦ | શ્રી દિનેશભાઈ રમેશચંદ્ર વ્યાસ | નડિયાદ |
| ૪૨૪ | ૧૧૧-૦૦ | શ્રી પરિક્ષીત હિંમતલાલ શુક્લ | અમદાવાદ |
| ૪૨૫ | ૨૫૦-૦૦ | શ્રી અશોકભાઈ સોમેશ્વર પુરોહિત | વસો |
| ૪૨૬ | ૧૧૧-૦૦ | શ્રી મંજુલાબેન રજનીકાન્ત જોષી | દેવા |

# શુભ પ્રસંગે મળેલ અનુદાન

| પા.નં. | રકમ | નામ | ગામ |
|---|---|---|---|
| ૪૨૭ | ૨૦૧-૦૦ | શ્રી નિલેશભાઈ જે. શુક્લ (ચિ.નિધિના લગ્ન પ્રસંગે) | નડિયાદ |
| ૪૨૮ | ૨૦૧-૦૦ | શ્રી કૃષ્ણકાન્ત કે.પુરોહિત (ચિ.પ્રતિકના લગ્ન પ્રસંગે) | વડોદરા |
| ૪૨૯ | ૧૦૧-૦૦ | શ્રી શૈલેષભાઈ હરિહરભાઈ ભટ્ટ (ચિ.મોનિકાના લગ્ન પ્રસંગે) | સોજીત્રા |

વાલમ સમાજમાં વિનામૂલ્યે મોકલવામાં આવતા વાલમ સંદેશને આર્થિક રીતે સધ્ધર બનાવવા આપના કુટુંબમાં શુભાશુભ પ્રસંગે વાલમ સંદેશને યાદ કરી જરૂરથી મદદરૂપ થશો.

જાત માટે થાય તે ‘‘દર્શન’’, જગત માટે થાય તે ‘‘પ્રદર્શન’’

# ગાયત્રી હવન અને શિયાળુ મિલન સમારંભ

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ જ્ઞાતિ સેવામંડળના ઉપક્રમે તા. ૨૬-૦૧-૨૦૧૭ ના રોજ વાલમ હોલ વડોદરા ખાતે ગાયત્રી હવન અને શિયાળુ મિલન સમારંભ યોજાઈ ગયો. મહામંડળના પ્રમુખ અને સેવા મંડળના ભૂ.પૂ.પ્રમુખ (હાલમાં ટ્રસ્ટી) શ્રી જશવંતભાઈ વ્યાસ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ જ્યોતિબેન કાર્યક્રમના મુખ્ય યજમાન હતા. ગાયત્રી પુજનવિધીમાં તેમની સાથે તેમના કુટુંબીજનો શ્રી ગીરીશભાઈ-શ્રીમિતિ નિરૂબેન વ્યાસ, શ્રીમતિ ભાવનાબેન, શ્રી મહેશભાઈ - શ્રીમતિ ઉષાબેન વ્યાસ તથા શ્રી જયશ્રીબેન જોડાયા હતા. ગાયત્રી હવનમાં હોમાત્મક આહૂતિ આપી ઉપસ્થિત જ્ઞાતિજનોએ પણ આ ધાર્મિક પ્રશંગનો લાભ લીધો હતો.

ગાયત્રી હવનની પૂર્ણાહુતિ બાદ સેવામંડળના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ ઉપસ્થિત જ્ઞાતિજનોનું સામૂહિક અભિવાદન કર્યું હતું. શ્રી જયપ્રકાશભાઈ શુકલએ પોતાની લાક્ષણીક શૈલીમાં સેવામંડળની નવી ટીમ સ્થિત હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની ઓળખ સાથે તેમની કામગીરી અંગે ઉપસ્થિત જ્ઞાતિજનોને માહિતગાર કર્યા હતા. તદ્ઉપરાંત સેવામંડળની પ્રવૃત્તિ અને પ્રગતિ અંગે ટૂંકમાં પણ સુંદર રજૂઆત કરી હતી. નવા વરાયેલા પ્રમુખ શ્રી સંજયભાઈ ભટ્ટે તેમના પુરોગામી પ્રમુખ-મંત્રી શ્રી જશવંતભાઈ વ્યાસ - શ્રી જયપ્રકાશભાઈ શુકલની સેવામંડળની પ્રગતિમાં આપેલ યોગદાનની નોંધ લઈ તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા આગામી સમયમાં વાલમ હોલને વધુ સુવિધાજનક બનાવવા સેવામંડળની પ્રવૃત્તિમાં સૌ જ્ઞાતિજનોને દિલથી સાથ સહકાર આપવાની નમ્ર અપીલ કરી હતી.

સદર કાર્યક્રમમાં મુ. વડીલ શ્રી નરેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી ભાસ્કરભાઈ પુરોહિત તથા ૩૦૦ ઉપરાંત જ્ઞાતિજનોની ઉપસ્થિતિ નોંધનીય હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંકુલ મંત્રી શ્રી મીહીરભાઈ પંડ્યા, સહ સંકુલ મંત્રીશ્રી મહેશભાઈ પુરોહિત, મંત્રીશ્રી કિરણભાઈ જોષી, સહમંત્રી શ્રી હેમંતભાઈ પુરોહિતની જહેમતની નોંધ લઈ તેઓ તથા ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોને સેવા મંડળ પરિવાર વતી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

ગાયત્રી હવન તથા જમણવાર પેટે આર્થિક અનુદાન આપી સેવા જ્ઞાતિ મંડળની નવી ટીમને ખાસ પ્રોત્સાહિત કરનાર શ્રી જશવંતભાઈ વ્યાસ તથા જ્યોતિબેનનો ઋણ સ્વીકાર સહ આભાર... - સંદીપ જોષી, સેવામંત્રી-સેવામંડળ





# વાલકેશ્વર દાદાના સાંનિધ્યમાં લઘુરુદ્ર અને ''પુનિત વાલમ સંપર્ક યાત્રા'' ની શરૂઆત



વસો વાલમ બ્રાહ્મણ પંચ વસોની પરંપરા મુજબ દર વર્ષે વાલમ વાડી, વસો મુકામે આ વર્ષે પણ તા. ૨૪-૨-૨૦૧૭ ના રોજ મહા શિવરાત્રી પર્વ નિમીત્તે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યુ હતું. ચાલુ વર્ષે મુખ્ય યજમાન તરીકે શ્રી જીગર શીરીષભાઈ પંડ્યાના કુટુંબીજનો ને લાભ પ્રાપ્ત થયો હતો. પૂર્ણાહુતિ સમયે ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં ચરોતર વિભાગમાંથી મહામંડળના પ્રમુખ તરીકે વરાયેલા શ્રી જશવંતભાઈ વ્યાસે વાલકેશ્વર દાદાના સાંનિધ્યમાં સ્થાનિક વસોના જ્ઞાતિજન પૈકી શ્રી દિગંતભાઈ વ્યાસ (વસો પંચાયતમાં ઉપ સરપંચ તરીકે ગૌરવશાળી વિજય બદલ), શ્રી કનકભાઈ વ્યાસ (ગાયત્રી પરિવાર), શ્રીમતિ નીલમબેન ઉપાધ્યાય (જેઓએ ગત વર્ષે જ્ઞાતિજનોને મોટી કોરલ, કાયાવરણ, પોઈચા-સ્વામિનારાયણ મંદિર વિગેરે સ્થળોએ સ્વખર્ચે યાત્રા કરાવી જ્ઞાતિ પ્રત્યે પોતાની ઋણ અદા કર્યુ હતું. શ્રી સચિનભાઈ ભટ્ટ (કમકાંડ ક્ષેત્રે સંસ્કૃતમાં આચાર્યની પદવી ચરોતરમાં વિશેષ સિદ્ધિ મેળવનાર) તથા શ્રીમતિ મંદાબેન શુક્લ (પુનિત પ્રેમી-દર વર્ષે પુનિત મહારાજશ્રીની સ્મૃતિમાં ભજન-સત્સંગનું આયોજન) નું વિશેષ અભિવાદન કરતા જણાવ્યું કે **મહામંડળના પ્રમુખ તરીકે વાલમ સૌ એક અને તે ન્યાયે સહુ જ્ઞાતિજનોનો રૂબરૂ સંપર્ક કરી સંગઠન મજબૂત બનાવવા માટે આજના દિવસથી (મહાશિવરાત્રીના દિવસથી વસોથી સંપર્ક યાત્રા તથા પુનિત સ્મારક નિધિ માટે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને પુનિત સ્મારક નિધિ (જેનું વ્યાજ વાલમ જ્ઞાતિની નિરાધાર બહેનો તથા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મેડીકલ સહાય વિગેરે માટે વાપરવામાં આવશે)** માં ૨૦-૨૫ લાખના લક્ષ્યાંકમાં સહુને નિત્યદાન યોજના (દરરોજનો ૧ રૂપિયો) માં સામેલ થવા વિનંતી કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી સંદીપ જોષી તથા વિશિષ્ટ સન્માનિત મહાનુભાવોનો પરિચય શ્રી જયપ્રકાશભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યો હતો. અને સૌ જ્ઞાતિજનો વસોના કાર્યકર્તા દ્વારા તૈયાર કરેલ પ્રસાદીનો લાભ લઈને વાલકેશ્વર દાદાના આર્શિવાદ લઈ છુટા પડ્યા હતા.

## પરિણામ પ્રસિદ્ધિ અંગે ખાસ નોંધ

આ અંક આપના હાથમાં આવશે ત્યારે વિદ્યાર્થીઓનું પરિણામ પણ પ્રસિદ્ધ થઈ ગયું હશે. આપના પરિણામને ચરોતર વાલમ સંદેશ તથા વાલમ વર્તમાનમાં પ્રસિદ્ધ કરવા માટે ગુણપત્રકની નકલ ઉપર વિદ્યાર્થીનું નામ-ગામ/શહેરનું નામ-શાળાનું નામ - ટકાવારી તથા જો કોઈ વિશેષ સિદ્ધિ મેળવેલ હોય તો અવશ્ય વિગતે જણાવશો જેથી પરિણામનો યથાયોગ્ય સમાવેશ થઈ શકે.

ધો. ૧૦, ૧૨ તેમજ સ્નાતક-અનુસ્નાતક, ડિપ્લોમા-ડિગ્રીના છેલ્લા વર્ષમાં ડીસ્ટ્રીંક્શન ગુણ મેળવનાર તથા વિશિષ્ટ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓએ પોતાના ફોટોગ્રાફ સહિત વિગતે માહિતી મોકલી આપવી જેથી વાલમ-વર્તમાનમાં નોંધ લઈ શકાય.

આપણા વા.બ્રા.મહા મંડળની વેબસાઈટ **www.vastibook.com/valam**
**username : vastibook      Password : valamsamaj**
જરૂરથી રજીસ્ટર થઈ આપના કુટુંબની પ્રોફાઈલ મુકી દેશો.

# વાલમ બ્રાહ્મણ વિદ્યાર્થી આશ્રમ

## કરમસદ વાલમ વાડીના બાંધકામ માટે મળેલ દાન

| નંબર | દાતાશ્રીનું નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | હેમંતભાઈ રામચંદ્રશુક્લ-કરમસદ | ૧,૫૧,૦૦૦/- |
| ૨ | જ્યોતિકાબેન નિરંજનભાઈ પુરોહિત - કરમસદ | ૧,૦૧,૦૦૧/- |
| ૩ | રામકૃષ્ણ જગન્નાથ પુરોહિત - કરમસદ | ૧,૦૦,૦૦૦/- |
| ૪ | સંજયભાઈ પુરસોત્તમદાસ ભટ્ટ - વડોદરા | ૧,૦૦,૦૦૦/- |
| ૫ | દિપકભાઈ ભગવતપ્રસાદ પુરોહિત - લંડન | ૧,૦૦,૦૦૦/- |
| ૬ | દેવિપ્રસાદ/ચિતરંજન એ. પુરોહિત - કરમસદ | ૯૫,૦૦૦/- |
| ૭ | કરમસદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ | ૫૧,૦૦૦/- |
| ૮ | રાકેશભાઈ હરિકૃષ્ણભાઈ પુરોહિત - કરમસદ | ૫૧,૦૦૦/- |
| ૯ | ભદ્રેશભાઈ કનૈયાલાલ પુરોહિત - કરમસદ | ૫૦,૦૦૦/- |
| ૧૦ | સુનંદાબેન રામચંદ્ર વ્યાસ - વડોદરા | ૫૦,૦૦૦/- |
| ૧૧ | બિન્દુબેન, પાયલબેન, કવિતાબેન, જૈમિનીબેન જ્યોત્સનાબેન વિનયચંદ્ર મહેતાની દિકરીઓ - કરમસદ | ૫૦,૦૦૦/- |
| ૧૨ | વાલમ-ઔદિચ્ય ધર્મશાળા - કરમસદ | ૨૫,૬૦૦/- |
| ૧૩ | કિરણભાઈ બાલકૃષ્ણ પુરોહિત - ઉત્તરસંડા | ૨૫,૦૦૦/- |
| ૧૪ | ઈન્દ્રવદન વાસુદેવ પુરોહિત - કરમસદ | ૨૫,૦૦૧/- |
| ૧૫ | ભાષ્કરભાઈ મનુભાઈ પંડ્યા (દિવ્યાબેન) - લેસ્ટર | ૨૫,૦૦૦/- |
| ૧૬ | દિનેશભાઈ આઈ. પુરોહિત - લંડન | ૨૫,૦૦૦/- |
| ૧૭ | શ્રી લતાબેન મધુસુદન ઉપાધ્યાય - અમેરિકા | ૨૫,૦૦૦/- |
| ૧૮ | શ્રી નટુભાઈ આઈ. પુરોહિત - લંડન | ૧૬,૨૦૦/- |
| ૧૯ | દક્ષેશભાઈ રમણભાઈ પુરોહિત - કરમસદ | ૧૫,૦૦૦/- |
| ૨૦ | ઉદયકાંત સુર્યકાન્ત ભટ્ટ - વસો | ૧૧,૧૧૧/- |
| ૨૧ | સુધાબેન હર્ષદભાઈ પુરોહિત - મોગર | ૧૧,૧૧૧/- |
| ૨૨ | જીગરભાઈ મધુસુદન પંડ્યા - વિદ્યાનગર | ૧૧,૧૧૧/- |
| ૨૩ | રેણુકાબેન જગન્નાથ પુરોહિત - કરમસદ | ૧૧,૦૦૦/- |
| ૨૪ | જ્યોત્સનાબેન વિનયચન્દ્ર મહેતા - કરમસદ | ૧૧,૦૦૦/- |
| ૨૫ | જયશ્રીબેન દિપકકુમાર વ્યાસ - અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૨૬ | હરિકૃષ્ણ મંગળરામ મહેતા - વિદ્યાનગર | ૧૧,૦૦૦/- |
| ૨૭ | કુસુમબેન હરીવલ્લભદાસ પંડ્યા - આણંદ | ૫,૦૦૦/- |
| ૨૮ | હસુમતીબેન સુર્યકાંત પુરોહિત - વડોદરા | ૫,૦૦૦/- |
| ૨૯ | ભારતીબેન મહેશકુમાર વ્યાસ - લંડન | ૫,૦૦૦/- |
| ૩૦ | વશીષ્ઠભાઈ સી. શુક્લ - વિ.વિ.નગર | ૫,૦૦૦/- |
| ૩૧ | કૈલેશભાઈ કનૈયાલાલ પુરોહિત - ખાંધલી | ૫,૦૦૦/- |
| ૩૨ | જીતેન્દ્રભાઈ ચંદુલાલ પુરોહિત - સંજાયા | ૫,૦૦૦/- |
| ૩૩ | નંદકિશોર દિનાનાથ જોષી - અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩૪ | યોગેશકુમાર બાલકૃષ્ણ વૈદ્ય - બુરહાનપુર | ૫,૦૦૦/- |

''વટ'' તો હંમેશા મૌનનો હોય છે ''શબ્દ'' નું તો શુ છે પરિસ્થિતિ પ્રમાણે બદલતા રહેતા હોય.

| નંબર | દાતાશ્રીનું નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૩૫ | વિણાબેન ઠાકોરલાલ મહેતા - કરમસદ | ૫,૦૦૦/- |
| ૩૬ | રાજેશભાઈ નરહરિભાઈ પંડ્યા - વડોદરા | ૫,૦૦૦/- |
| ૩૭ | પ્રેમિલાબેન દેવિપ્રસાદ પુરોહિત - કરમસદ | ૫,૦૦૦/- |
| ૩૮ | કિર્તિભાઈ અંબાલાલ ઉપાધ્યાય - નડિયાદ | ૫,૦૦૦/- |
| ૩૯ | જયેશભાઈ સુરેશચંદ્ર વૈદ્ય - વડોદરા | ૫,૦૦૦/- |
| ૪૦ | શ્રી કનકભાઈ ડાહ્યાભાઈ વ્યાસ - લંડન | ૫,૦૦૦/- |
| ૪૧ | ઉત્તમભાઈ અમરીશભાઈ પુરોહિત - લિમખેડા | ૨,૫૦૧/- |
| ૪૨ | કૃષ્ણકાંત કે. પુરોહિત - વડોદરા | ૧,૦૦૧/- |
| ૪૩ | નૈનાબેન કિરીટભાઈ ગોર - આણંદ | ૧,૦૦૦/- |
| ૪૪ | ગોપીબેન દેવેન્દ્રભાઈ પુરોહિત - વિ.વિ.નગર | ૧,૦૦૧/- |
| ૪૫ | નીલ પીયુષકુમાર મહેતા - વિ.વિ.નગર | ૫૦૧/- |
| ૪૬ | પંકજભાઈ એન. પંડ્યા - અમદાવાદ | ૫૦૦/- |
| ૪૭ | કૌશીકભાઈ ભટ્ટ - વડોદરા | ૫૦૦/- |
| ૪૮ | પ્રકાશચંદ્ર કે. પુરોહિત - વડોદરા | ૫૦૦/- |

બાકીના ઉપરના માળનું બાંધકામ ચાલુ છે. જે જ્ઞાતિજનોએ ફાળો લખાવેલ હોય તેઓ વહેલી તકે જમા કરાવે તેમજ બીજા જ્ઞાતિજનો પાસે આર્થિક સહયોગની અપેક્ષા છે.

| પ્રમુખશ્રી | મંત્રીશ્રી | ખજાનચીશ્રી | કન્વિનરશ્રી |
|---|---|---|---|
| હેમંતભાઈ શુક્લ | રાકેશભાઈ પુરોહિત | ભદ્રેશભાઈ પુરોહિત | રામકૃષ્ણ પુરોહિત |

## શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા મંડળ

''વાલમ હોલ'' નવદુર્ગા સો મીલ પાછળ, મહાલક્ષ્મી સોસાયટી સામે, હરણી, વડોદરા.



વડોદરા મુકામે આવેલ આપણી જ્ઞાતિનો વાલમ હોલ અન્ય સંસ્થા/વાડી/પાર્ટી પ્લોટ કરતા વિશેષ રાહત દરથી ઉપલબ્ધ છે. આપણા વાલમ હોલનો વધુને વધુ પ્રચાર થાય તે પ્રમાણે જ્ઞાતિજનોને સહકાર આપવા નમ્ર વિનંતી.

### વાલમ હોલ બુકીંગ માહિતી

| ક્રમ | વિગત | વાલમ બ્રાહ્મણ જ્ઞાતિજનો માટે | અન્ય વ્યક્તિ માટે |
|---|---|---|---|
| ૧ | બુકીંગ ડીપોઝીટ | રૂા. ૫૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ૨ | ભાડુ | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૪૦,૦૦૦/- |
| ૩ | લાઈટ બીલ (યુનિટ દીઠ) | રૂા. ૨૦/- | રૂા. ૨૦/- |
| ૪ | એક રૂમનું ભાડું (પુનીતધામ) | રૂા. ૨૦૦/- | રૂા. ૪૦૦/- |
| ૫ | સફાઈ ચાર્જ/સીક્યુરીટી ચાર્જ વિ. | રૂા. ૨૦૦૦/- | રૂા. ૨૦૦૦/- |
| ૬ | રસોઈના વાસણ, ખુરશી, ડીસ, બુફે ટેબલ, વિ. ૧૦૦૦, વ્યક્તિ માટે | ફ્રી | ફ્રી |

પ્રમુખ : સંજયભાઈ ભટ્ટ (મો) ૯૯૯૮૦૦૮૬૧૮

સંકુલ મંત્રી : મિહીરભાઈ પંડ્યા (મો) ૯૮૯૮૦૦૨૯૮૭

## શ્રી આનંદ મહારાજશ્રીના સાનિધ્યમાં નડિયાદના આંગણે

# ''સંત શ્રી પુનિત ભજન સંકીર્તન''

સંતશ્રી પુનિત મહારાજશ્રીની અષ્ટોત્તર જન્મજયંતિનીની ઉજવણીના ભાગરૂપે શિવરાત્રીના પવિત્ર દિવસે વસો વાલમ વાડીથી શરૂ કરેલ ''પુનિત સંપર્ક યાત્રા'' થકી પુનિત પ્રચાર-પ્રસારના દ્વિતીય ચરણમાં નડિયાદમાં વાલમ જ્ઞાતિજનોની વિનંતીને ધ્યાનમાં રાખી નડિયાદ મુકામે શ્રી આનંદ મહારાજશ્રીના પુનિત ભજન-સંકીર્તનનું આયોજન કરવામાં આવ્યું. આપણી જ્ઞાતિના જ શ્રી દિનેશભાઈ વ્યાસના આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમ્યાન કથા મંડપના પવિત્ર સ્થળે **શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી જશવંતભાઈ વ્યાસની પ્રેરણા અને આર્થિક સહયોગથી નડિયાદમાં વસતા સૌ વાલમ કુટુંબ (વાલમ સૌ એક) નો વિશિષ્ટ સ્નેહમિલન સમારંભ પણ ભજન કીર્તનના કાર્યક્રમ સાથે આયોજીત કરવામાં આવ્યો હતો.** (સંજોગોવસાત્ વસો તથા નડિયાદમાં બે જ્ઞાતિજનના અવસાન થવાથી સ્નેહમિલન/સમ્માન સમારંભ મોકૂફ રાખવામાં આવ્યો.)

ચરોતર વિભાગના કેન્દ્રીય મંડળ ચરોતર વા.બ્રા.જ્ઞાતિ સેવા મંડળ, શ્રી ચરોતર વા.બ્રા.વિદ્યોત્તેજક મંડળ, ચરોતર વા.બ્રા.યુવક મંડળ તેમજ ચરોતર વિભાગના મહામંડળના કારોબારી સભ્યો સહભાગી સર્વે પુનિતપ્રેમી જ્ઞાતિજનોને તા. ૨૦-૦૫-૨૦૧૭ને શનિવારના રોજ રાત્રે ૯ થી ૧૨ના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ચરોતરના પ્રત્યેક કુટુંબને તથા મહામંડળના બધાજ વિભાગના કારોબારી સભ્યોને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યુ હતું.

સદર કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત હોદ્દેદારો, મહામંડળના કારોબારી સભ્યો તથા અગ્રણી કાર્યકર્તા હાથે દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ ૨૨વામાં આવ્યો. અમદાવાદથી આવેલ ભજન મંડળને સાથ આપવા વસોથી પુનિત ભજન મંડળે પણ ખાસ ઉપસ્થિત રહી અનેરો રંગ જમાવ્યો હતો. મોરના ઈંડાને ચિતરવા ના પડે તે અનુસાર શ્રી પુનિત મહારાજ - શ્રી જનક મહારાજનો કૌટુંબિક/સાંસ્કૃતિક વારસો જાળવી વાલમ જ્ઞાતિનું ગૌરવ એવા શ્રી આનંદમહારાજના કંઠે વ્યાખ્યાન-ભજન સાંભળવાનો એક અનેરો લ્હાવો જે ઉપસ્થિત જ્ઞાતિજનોને એક સંભારણું બની રહેશે. (પુનિત આશ્રમ મણીનગર ખાતે દરેક અગિયારસ, પુનમ તથા અમાસના દિવસે નિયમિત રીતે તેઓશ્રી દ્વારા નિયમિત પુનિત ભજનની પરંપરા જાળવી રાખવામાં આવેલ છે.)

સંજોગોવસાત્ સાઉન્ડ સીસ્ટમની આકસ્મિક ખરાબી, સમયના અભાવે વિશિષ્ટ સમ્માન તથા અગાઉથી નિર્ધારીત થયેલ અન્ય કાર્યક્રમો મોકૂફ રાખતા શ્રી જયપ્રકાશભાઈ શુક્લ દ્વારા તેમની આગવી શૈલીમાં ટૂંકમાં પણ સચોટ રીતે પુનિત સ્મારક નિધિ-નિત્યદાન યોજના અંગે મુદ્દાસર રજૂઆત કરવામાં આવી.

આશ્ચર્યજનક કાર્યક્રમના ભાગરૂપે નડિયાદ નગર વાલમ સંગઠન દ્વારા હાજર સૌ વાલમ કુટુંબ દ્વારા મહાઆરતીના વિશેષ કાર્યક્રમમાં હાજર વાલમ કુટુંબ દ્વારા સપરિવાર મહાઆરતીનો અનેરો લાભ મેળવ્યો હતો.

સદર કાર્યક્રમમાં હાજર ન રહી શકવા બદલ ડૉ. શ્રી અરવિંદભાઈ વ્યાસ, શ્રી બાલમુકુંદભાઈ આચાર્ય, શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ, શ્રી મગનભાઈ ઉપાધ્યાય, શ્રી રાકેશભાઈ પુરોહિત, શ્રી રાજેશભાઈ વ્યાસે વિશેષરૂપે શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા.

સંતરામ મહારાજશ્રીની પૂણ્યભૂમિ સાક્ષરનગરી નડિયાદમાં જ્ઞાતિ મેળાવડો તથા પુનિત ભજન કીર્તનના આ વિશિષ્ટ કાર્યક્રમ માટે  આર્થિક અનુદાન થકી પ્રોત્સાહન આપનાર પુનિત પ્રેમી દંપતિ શ્રીમતિ જ્યોતિબેન - શ્રી જશવંતભાઈ વ્યાસનો ઋણ સ્વિકાર સહ વંદન. શ્રીમદ ભાગવત કથાના યજમાન શ્રીમતિ જયાબેન વ્યાસ પરિવાર (શ્રીમતિ મીનલ તથા શ્રી ગોપાલ વ્યાસ, શ્રી કિશન વ્યાસ) નો પણ સહકાર બદલ ખૂબ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.



# પુનિત સ્મારક નિધીમાં અનુદાન એટલે 'પુનિત તર્પણ'

## સંતશ્રી પુનિત મહારાજ એટલે વાલમ બ્રાહ્મણોની ઓળખ

સંતશ્રી પુનિત મહારાજે જ્ઞાતિને બે મૂલ્યવાન ભેટ આપેલ છે. (૧) કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીની અને (૨) વાલમ બ્રાહ્મણ મહામંડળ. શ્રી પુનિત મહારાજનું જ્ઞાતિ ઉપરાંત અનેકવિધ સંસ્થાઓમાં યોગદાન ઉડીને આંખે વળગે એવું છે. ગુજરાતની અનેક સંસ્થાઓએ શ્રી પુનિત મહારાજની યાદ કાયમ રહે એવા સેવાકીય કાર્યક્રમો અમલમાં મૂકી પુનિત તર્પણનું કાર્ય આદરેલ છે જ્યારે તેમની પોતાની વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ એમાં પાછળ રહી ગઈ હોય એમ લાગે છે.

શ્રી પુનિત મહારાજે જેની સ્થાપના કરેલ એવા આપણા વાલમ બ્રાહ્મણ મહામંડળની તત્કાલીન વિદ્વાન પ્રમુખશ્રી ડૉ. અરવિંદભાઈ વ્યાસે પુનિત શતાબ્દી વર્ષ ૨૦૦૮ માં 'પુનિત સ્મારક નિધી' ની શરૂઆત કરી હતી. **આ ટ્રસ્ટની રકમના વ્યાજનો ઉપયોગ સ્ત્રી સહાય, મેડીકલ સહાય અને વિદ્યાર્થી સહાય જેવા સેવાકીય કાર્ય માટે કરવાની જોગવાઈ છે.** પુનિત સ્મારક નિધીમાં ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં રૂા. ૨,૨૪,૦૦૦/- જેટલી રકમનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. પુનિત સ્મારક નિધીમાંથી પાવન થયેલ વ્યાજ, પ્રસાદી રૂપે તેના અનેક લાભાર્થીઓને વિપુલ પ્રમાણમાં મળી શકે તેના માટે ફંડમાં મોટી રકમ હોવી આવશ્યક છે. આપણામાં કહેવત છે કે, 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય'. મિત્રો, આપણે મોટું સરોવર ભરવું છે અને તેના માટે મોટી પાળ પણ બાંધવી છે. ચાલુ સમયમાં ફંડમાં ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનો ઉમેરો કરવાની આશા રાખું છું.

**સમાજના દરેક કુટુંબને સામેલ કરવાના ભાગરૂપે પુનિત સ્મારક નિધિની અપીલ કરતા ચરોતર વિભાગમાંથી ૧૩૦ ઉપરાંત જ્ઞાતિજનોએ નિત્યદાન યોજનામાં (૧૩૦×૪૦૦ રૂા.) નામ નોંધાવેલ છે. (નિત્યદાન યોજના - દરરોજનો માત્ર ૧ રૂપિયો ૧ વર્ષ સુધી) ૧ વર્ષની રકમ જમા કરાવેલ છે.** નિત્યદાનમાં જોડાયેલ કુટુંબ દ્વારા નવી પેઢીમાં સમાજસેવાના સંસ્કાર સિંચન સાથે દૈનિક બચતની ભાવના પણ કેળવાય તે માટે પુનિત તર્પણના આ પવિત્ર કાર્યમાં સર્વે જ્ઞાતિજનોને વ્યક્તિગત રીતે યોગદાન આપવા નમ્ર અપીલ કરૂ છું.

માઁ વાઘેશ્વરીની કૃપાથી આપણા સ્વજનો દેશ-પરદેશમાં સારી રીતે આર્થિક સદ્ધરતા ધરાવે છે. અને સેવાકીય પ્રવૃત્તિમાં ચરોતર વિભાગ ગૌરવવંતુ સ્થાન ધરાવી રહ્યું છે. ત્યારે પુનિત મહારાજશ્રીની જ્ઞાતિ તરીકે પુનિત તર્પણના કાર્યમાં સેવાની શરૂઆત ઘર આંગણે કરીએ તો ઘણુ મોટું અનુદાન પ્રાપ્ત થઈ શકે.

મને શ્રદ્ધા છે કે પુનિત તર્પણના આ પવિત્ર કાર્યમાં આપ સર્વેનો ઉમદા અને પરિણામલક્ષી સહયોગ પ્રાપ્ત થશે. કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી આપણને સૌને આ કાર્યની પરિપૂર્તિ માટે શક્તિ અને સામર્થ્ય અર્પે તેવી પ્રાર્થના સહ.

નોંધ :- નિત્યદાનમાં જોડાવા ઈચ્છતા/અનુદાન નોંધાવવા જ્ઞાતિજનો સંપર્ક કરશો તો આપની રૂબરૂ મુલાકાત લેતા આનંદ થશે. (મો. ૮૧૨૮૫૩૩૯૫૪)

**- શ્રી જશવંતભાઈ વ્યાસ**

---

નોંધ :- ચરોતર વિભાગમાંથી પુનિત સ્મારક નિધીમાં જોડાયેલ ૧૩૦ ઉપરાંત જ્ઞાતિજનોના નામ ચાલુ અંકમાં સ્થળ સંકોચને કારણે સમાવેશ કરી શકાયો નથી. જે આગામી અંકમાં છાપવામાં આવશે.....

- સંપાદકશ્રી

ગુમાવ્યાનો હિસાબ ક્યાંથી રાખું.. અહિં તો જે મળ્યું છે એજ હિસાબની બહાર છે.




માલિક : ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ

સંપાદક : શ્રી સંદીપકુમાર રજનીકાન્ત જોષી, એ-૨૯, ત્રિશૂલ કો-ઓ. હો. સોસાયટી, રામદેવપીર મંદિર સામે, પીજ રોડ, નડીઆદ. મો.૯૪૨૮૪૮૬૭૫૨ (Whattsapp)

પ્રમુખ : શ્રી રાકેશકુમાર હરિકૃષ્ણભાઈ પુરોહિત, ૮૯ તુલસી-માધવ, સરદારનગર કો. ઓ. સોસાયટી, મુ.પો. કરમસદ-૩૮૮૩૨૫, જી. આણંદ, મો. ૯૪૨૬૦ ૪૨૧૧૦

મંત્રી : શ્રી ચિરાગકુમાર દિલીપભાઈ જોષી - ૫, ઉમિયાપાર્ક, રામ તલાવડી પાસે, મિશન રોડ, નડિયાદ. મો. ૯૮૭૯૨૦૪૦૮૪

**Book-Post**

*For Private Circulation Only*

To,

______________________________

______________________________

______________________________

______________________________

**Editor : Charotar Valam Sandesh**
C/o. Sandeep Rajanikant Joshi
A-29, Trishul Society, Opp. Ramdevpeer Mandir,
Pij Road, At. Po. NADIAD - 387 001, Dist. Kheda
***E-mail : sandeepjoshi67@hotmail.com***